તારીખ: 26 જાન્યુઆરી, 2014

# પ્રજાસત્તાક દિને કેટલાક વિચારો

**- શ્રી અરૂણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )**

ભારત દેશ આજે 65મો પ્રજાસત્તાક દિવસ  ઉજવી રહ્યો છે. આપણને આજના દિવસે એક ઉદાર બંધારણની ભેટ પ્રાપ્ત થઈ હતી. સંસદીય લોકશાહી, સંઘીય માળખું, મૂળભૂત અધિકારો, સ્વતંત્ર ન્યાયતંત્ર દ્વારા ન્યાયિક સમીક્ષા વગેરે મુખ્ય લક્ષણોનો બંધારણમાં સમાવેશ થાય છે.

દેશ સમક્ષ વિવિધ પડકારો જોવા મળી રહ્યા છે અને તે પડકારો દૂર કરવા માટે મહાન સ્થિતિસ્થાપકતા હોવા છતાં આપણો દેશ એક મજબૂત અને ગતિશીલ લોકશાહી હોવાનું હું માનું છું. આવા સંજોગોમાં દેશના ભવિષ્ય માટેની કાર્યસૂચિ બાબતની ચિંતા મારે આપની સમક્ષ રજૂ કરવી છે. ગરીબી ભારતીય સમાજ પર શાપ સમાન બની રહી છે. દેશની જનતામાંથી 30 ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. ગરીબજનોને ગૌરવપૂર્ણ જીવન જીવવાના અધિકારો મળી રહ્યા નથી. આતંકવાદ અને ઘુસણખોરી ભારતના સાર્વભૌમત્વ સામે મોટું જોખમ બની ગયું છે. આતંકવાદનું જોખમ બાહ્ય અને આંતરિક બંને પ્રકારના છે. તે મોરચે રક્ષકબળમાં કાપ મૂકવાનું પરવડે તેમ નથી. ભારતમાં રાજકારણની ગુણવત્તામાં સુધારવા કરવાની જરૂર છે. રાજકારણની શક્તિ પુષ્કળ છે. રાજકારણીઓની મહત્તા રાજકારણમાં રહેલી વિશાળ શક્તિ ને અનુરૂપ જ હોવી જોઈએ.

રાજકારણની ગુણવત્તા પર માઠી અસર થઈ રહી છે. ભારત આજે સમાજની સમસ્યાઓનો મુકાબલો કરી શકે એવા શાસનની અપેક્ષા રાખે છે. ભારત કુશાસન છતાં સરેરાશ 9% વિકાસદર સાથે પ્રગતિની હરણફાળ ભરી શકે તો રાજકારણ અને શાસનની ગુણવત્તામાં સુધારવા થાય ત્યારે વિકાસ દર શું હશે? ભારતે વધારે માનવીય અને દયાળુ સમાજ બની કાર્યો કરવાની જરૂર છે. ખાસ કરીને મહિલાઓની બાબતમાં અમારી ચિંતા અમારા વલણનો પડઘો પાડે છે. મહિલાઓ અને તેની વિરૂધ્ધની ગુનાખોરીમાં આચરવામાં આવતી નિર્દયતામાં વધારો આપણા સમાજ પર કલંક છે. આ ઉપરાંત આપણી સમક્ષ બીજા ઘણાં પડકારો છે. ચાલો તે પડકારો દૂર કરવા માટે આપણે દૃઢ નિર્ધાર વ્યક્ત કરીએ.